॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ : ૧૨ જાન્યુઆરી - ફેબ્રુઆરી ૧૯૯૨ અંક : ૪

## વાલીઓને

### શાળાએ જવા વાહનવ્યવહારની સમસ્યા

આજના ધમાલભર્યાં સંજોગોમાં બાળક નજીકના વિસ્તારની શાળામાં હોય તે આદર્શ ગણાય; પૂરતી શાળાઓ ઉપલબ્ધ ન હોઈ બાળકને દૂરના વિસ્તારની શાળામાં મોકલવાના સંજોગો ઉભા થાય છે, આવી પરિસ્થિતિમાં બાળકને શાળાએ મોકલવાના અને લાવવાના પ્રશ્નો શહેરોમાં વિશેષે કરીને થાય છે.

શાળા પ્રવેશમાં નજીકના વિસ્તારના બાળકોને સમાવવાનો અમારો પ્રયત્ન હોય છે પરંતું બધાનો સમાવેશ એ રીતે થઈ શકતો નથી. બાલમંદિર, પ્રાથમિક વિભાગ અને સ્વતંત્ર રીતે શાળાએ આવી જઇ શકે તે દરેકના શાળાએ આવવા જવાના જુદાજુદા પ્રશ્નો ઉભા થાય છે. સામાન્યતઃ અમારું નિરીક્ષણ એવું છે કે ઓટોરીક્ષા દ્વારા આવતાં બાળકો રીક્ષામાં સમાવેશ થઇ શકે તેવી સંખ્યામાં હોય ત્યારે સુરક્ષિત રીતે આવે છે. રીક્ષાવાળાની કાળજી અને બાળકના ઉચાટ વિષે તેઓ સજાગ પણ જણાયાં છે, પરંતુ એક જ સાયકલ ઉપર આગળ બે ત્રણ બાળકો અને પાછળ બે ત્રણ બાળકો હોય છે, તેમ જ નાની ગલીઓમાંથી મોટા રસ્તા ઉપર આવતા ઝડપથી બહાર નીકળતા આવા સાઇક્લીસ્ટો વિષે વાલીએ સભાન થવા જેવું છે, જે બાળકો સ્વતંત્ર રીતે સાયકલ ઉપર આવે છે તેમને વાહનવ્યવહારના મૂળભૂત નિયમોની જાણકારી નથી તે જોવામાં આવ્યું છે. ચાર ચાર, પાંચ પાંચની સમાંતર સાયકલ સવારી પોતાના માટે પણ ભારે જોખમ ઊભું કરે છે. આ બાળકો જમણી કે ડાબી બાજુ વાળવાનાં સામાન્ય નિયમોનું પાલન કરતાં નથી તે જોવા મળ્યું છે. આ અંગે જરૂરી સૂચના આપ બાળકને આપશો તેવી અપેક્ષા છે.

શાળાના કંપાઉન્ડને અડીને ઓટો રીક્ષાઓ ઝાંપાની બંને બાજુએ ઉભી રહે છે, જે રીક્ષામાં આવતા બાળકોની અનુકૂળતા માટે છે; પરંતુ બાળકોને જાતે લેવા આવનાર વાલી પોતાનું વાહન રેલ્વે સાઇડની રેલીંગ પાસે પાર્ક કરે તેથી સમગ્ર ટ્રાફીકમાં અડચણ ઉભી થાય છે. વાલી જ્યારે જાતે જ સાથે હોય ત્યારે વાહન થોડે દૂર મૂકીને સમગ્ર વાહનવ્યવહારમાં અવરોધ ઉભો ન થાય તે જોવા ખાસ વિનંતી છે. આ બાબતો શાળાનાં વ્યવસ્થાતંત્રમાં ન હોય તો પણ સમગ્ર વ્યવસ્થા સુમેળ ભરી બને તે આશાએ આવું સૂચન આવશ્યક સમજુ છું.

દિનુભાઈનાં વંદન.

## પ્રમાણિકતાનો પ્રયોગ

બાળકમાં પ્રમાણિક્તાનો ગુણ વિક્સે એ માટે પંચશીલ વિદ્યાલય દલવાડામાં રામરહીમ સ્ટોર્સ શરૂ કરવામાં આવ્યો છે, જે સ્વયં સંચાલિત સ્ટોર્સ છે. જેમાં શરૂઆતમાં પેન્સીલો અને રીફીલો નમૂના પૂરતી મૂકીને પ્રયોગ શરૂ કરવામાં આવ્યો. રોજ સાંજે તેનો હિસાબ કરવામાં આવતો, પણ ક્યાં ય એક પણ પૈસાની ભૂલ થતી ન હતી, ધીરે ધીરે તેમાં રબર, નોટબુક, કાગળ વિ. વસ્તુઓ વધારાતી ગઇ, કે જે વિદ્યાર્થીઓને રોજેરોજ જરૂરી હોય.

બધી જ વસ્તુઓ શાળાની એક ગેલેરીમાં ખુલ્લા કબાટમાં ગોઠવી દેવામાં આવતી, બાજુમાં ભાવપત્રક મૂકવામાં આવતું, તેની બાજુમાં પૈસા નાખવા માટે કાણાવાળો બંધ ડબ્બો મૂકવામાં આવતો, વિદ્યાર્થીઓ તેમની અનુકૂળતાએ ગમે ત્યારે આવીને એ ડબ્બામાં પૈસા નાખી જાતે વસ્તુ લઇ લેતાં, આ પ્રયોગને આજે બે વર્ષ ઉપર થઇ ગયા છે, છતાં ક્યાં ય માલની કોઇ વધઘટ નથી થતી કે પૈસાની ખોટ નથી થતી. કોઇપણ માણસ કે સંચાલક વિંના ચાલતો આ સ્ટોર્સ માણસમાં રહેલી પ્રમાણિકતાનો આદર્શ પૂરાવો છે. વિદ્યાર્થીઓને આ પ્રયોગ ઘણો ગમી ગયો છે; ને તેની અસરને કારણે હવે એ શાળામાં કોઇ જ વસ્તુ ખોવાતી નથી કે કોઈની વસ્તુ ચોરાતી નથી, કોઇની વસ્તુ ખોવાય તો પણ તે શાળાના કાર્યાલયમાંથી તરત જ પરત મળી શકે છે. આ પ્રયોગ સામા પ્રવાહે તરવા જેવો કઠિન છે, છતાં આ પ્રયોગ સફળતાથી ચાલી રહ્યો છે. આજે મફતનું લેવાની જે વૃત્તિ વિકસી રહી છે તેની સામે આવા દાખલાથી વિશ્વાસ બેસે છે કે હજી ‘સત્ય મરી પરવાર્યું નથી. માણસનાં હૃદયનાં ઊંડાણમાં હજી સતનાં કોડિયાં જલી રહ્યાં છે. એક નાનું કોડિયું બીજાં કોડિયાંને પ્રકાશ આપી રહ્યું છે’. ખારા સમુદ્રમાં મીઠી વીરડી અને લીમડાની એકાદ મીઠી ડાળ સમો આ પ્રયોગ છે. ‘બાળક ઉપર મૂકેલ વિશ્વાસ એ વિશ્વનો શ્વાસ છે’. એ ઉક્તિ અહીં સાર્થક થતી જણાય છે.

સંકલન : ઉષ્મા વકીલ (૭ અ)

# સાચું શિક્ષણ

સુજાતા આજે બાલમંદિરથી ઘેર આવી ત્યારે ખૂબ ખુશખુશાલ હતી, કારણ કે તેની સ્કૂલમાં વેશભૂષા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું તેની પત્રિકા તેને આપવામાં આવી હતી, ને હજી તો ઘેર પહોંચે એ પહેલાં તો તેના મગજમાં અનેક તુક્કા ચાલુ થયાં હતાં, ''હું શું બનીશ ? ટીપુ સુલતાન બનું તો ? કેવો વટ પડે ? પણ ના,ના, છોકરી છું એટલે એમાં બરાબર ન ફાવે.. તો.. પછી... શાકવાળી બનું તો !... ના, ના, એવા કપડાં પહેરી માથે ટોપલી ને ત્રાજવાને બધું મને તો ના ફાવે... તો શું કરીશું ?... હાં.. હવે યાદ આવ્યું.. રીન્કુને નવડાવવા પેલી બાઈ આવે છે તે બનું તો !.. ના, ના એના કરતાં **'રસના બેબી'** જ બનુ.. સરસ મજાનું હસું તો બધાંને ગમશે...!'' નાનકડાં મગજમાં એક પછી એક વિચારોની હારમાળા ચાલતી હતી.. ને ત્યાં તો ઘર આવી પહોંચ્યું.. ખુશ થતાં થતાં તેણે મમ્મીને પત્રિકા આપી અને મમ્મીનાં મગજમાં પણ પાછી એ જ વિચારોની હારમાળા ચાલુ થઇ... ''સુજાતાને શું બનાવું તો તેને ઈનામ મળે ?'' બાળક વિચારે ત્યારે ભાગ લેવા સુધીની જ મહત્વાકાંક્ષા હોય પણ માબાપ વિચારે ત્યારે એ મહત્વાકાંક્ષા એક પગથિયું આગળ વધી ઈનામ સુધી પહોંચે અને એટલે 'બાળક એ બાળક છે' એવું ક્યારેક ભૂલાઈ પણ જાય.. ને આ મુશ્કેલી હોવા છતાં પાંચ વર્ષની ઉંમરનાં બાળકોએ એ વેશભૂષા સ્પર્ધામાં જે અભિનય કર્યો ને જે અભિવ્યક્તિ રજૂ કરી.. તે સાચે જ દાદ માંગી લે તેમ હતું.

મદ્રાસી નૃત્યશિક્ષક.. આટલું નાનું બાળક ! તેની મદ્રાસી વેશભૂષા તો વાલીએ સજાવી હોય.. પણ તે જ રીતે તેનાં ઉચ્ચારો, તેનું વર્તન... કલ્પી પણ ન શકાય કે તે ગુજરાતી બાળક હશે.. ટીપુ સુલ્તાનની અદા, ઋતંભરાનો જુસ્સો, ઈંદીરાજીનું પ્રતિભાશાળી વ્યક્તિત્વ, મહારાષ્ટ્રીયન આન્ટીની આખી ય કાર્યની રીતરસમ, સૈનિકની છટા, નારદજીનું વક્તવ્ય, શાકભાજીવાળાની કાકલૂદી, બાળકોની આ અભિવ્યક્તિ સાચે જ પ્રશંસાપાત્ર હતી.. બાળક નાનું હોય છે ત્યારથી જ તે કેટકેટલું શીખી શકે છે ! ગ્રહણ કરી શકે છે !

બાળકને અપાતા ઔપચારિક શિક્ષણથી જ બાળકનું સાચું ઘડતર અને ભણતર થાય છે એવો આપણાં સૌનો એક ભ્રમ છે. પરંતુ આવા કાર્યક્રમોનું આયોજન થાય છે ત્યારે જ સાચો ખ્યાલ આવે છે કે બાળક તેનાં આસપાસનાં વાતાવરણમાંથી, પર્યાવરણમાંથી ફક્ત નિરીક્ષણ અને અનુકરણ દ્વારા કેટકેટલું ગ્રહણ કરી શકે છે ? અને એ સાહજિકતાથી થતું શિક્ષણ ક્યારેક તો ઔપચારિક શિક્ષણ કરતાંય આગળવધી જાય છે. વર્ગશિક્ષકનું પાત્ર ભજવતી એ નાનકડી બેબી... એના એ બહેન વર્ગમાં પ્રવેશતાં હશે ત્યારથી શું બોલતાં હશે, કેમ વર્તતા હશે, આટલા નાના બાળકોનું આ સૂક્ષ્મ અવલોકન ખરેખર ધન્યવાદને પાત્ર છે, અને એટલે જ ધ્યાનમાં રાખવા જેવી વાત એ જ છે કે પુસ્તક શિક્ષણ કરતાં પ્રકૃતિના ને પર્યાવરણનાં અખૂટ ભંડારમાંથી બાળક ઘણું બધું શીખી શકે છે, તેને મુક્તપણે એ પર્યાવરણ અને પ્રકૃતિ સાથે મ્હાલવાની, તેને માણવાની તક આપો, સમય આપો, તે તેની મેળે જ ખીલશે, વિકસશે

**ઊર્મિલા શાહ**

# સ્વયં શિક્ષણ દિનના સંસ્મરણો

''અજ્ઞાનના અંધારા દૂર કરનાર,
એ મહાન શિક્ષકનો ઉપકાર,
કેમ માનું તે જ સમજાય ના
એનો ઉપકાર ઓછો પડે લાખવાર''

બાળકોનાં નિર્દોષ તોફાનને પોતાનાં મલકાટથી વધાવનાર શિક્ષક કેવી મહાન વિભૂતિ હોય છે તેનો આજે જ ખ્યાલ આવ્યો.

**અનુજ શાહ (૭ ક)**

દરેક વિગત વિસ્તારથી બાળકોને સમજાવવાની આવી ત્યારે જ મને શિક્ષકોને પડતી મુશ્કેલીઓનો ખ્યાલ આવ્યો, મોટાં વિદ્યાર્થીઓનો મારા તરફનો અણગમો ન ગમ્યો, અમારા તોફાનથી શિક્ષકને કેટલી મુશ્કેલીઓ પડતી હશે તેનો ખ્યાલ આજે જ મને આવ્યો ને મેં મનથી નક્કી કર્યું કે હવે ક્યારે પણ શિક્ષકની અવગણના નહીં કરું

**રોશની શાહ (૭ બ)**

શિક્ષક વર્ગમાં આવે છે ત્યારે વિદ્યાર્થીઓ તેમની મજાક ઉડાવે છે, પણ હું શિક્ષક બની ત્યારે જ મને એની ગંભીરતા સમજાઈ. નાનાં બાળકોને પ્રેમથી વશ કરવા એ સહેલું કામ નથી તેનો ખ્યાલ આવ્યો. તેમનાં કુમળા માનસમાં સરળ અને મીઠી ભાષાથી જ્ઞાન ઉતારવું એ કેટલું મુશ્કેલ છે તે સમજાયું, ને છતાં ય બાળકોને ભણાવવાનો આનંદ કાંઇક જુદો જ હોય છે. પ્રેમ, સરળ ભાષાથી સૌના મન જીતી શકાય છે **'શિક્ષક એ માનવીનો સાચો માર્ગદર્શક છે'**. એ સત્ય મને સમજાયું

**નિયતી પટેલ (૭ ક)**

જાત અનુભવ થયો ત્યારે જ ખબર પડી કે વિદ્યાર્થીઓને ભણાવવા શિક્ષકને કેટલી મહેનત કરવી પડે છે.

**ફોરમ શાહ (૭ બ)**

સ્વયં શિક્ષણ દિનને દિવસે મને વિદ્યાર્થીઓનો ખૂબ સારો સહકાર સાંપડયો, અને મને શિક્ષકની મુશ્કેલીઓનો ખ્યાલ આવ્યો.

**મૈત્રેયી યોગેશચંદ્ર શાહ (૭ અ)**

શિક્ષકો એ જ સમાજનાં સાચાં ઘડવૈયા છે. આજના બાળક દેશના કાલના નાગરિક છે તેથી તેને તેના શિક્ષક પાસેથી જેવું શિક્ષણ મળશે તેવું જ આચરણ તે પોતાના ભવિષ્યનાં જીવનમાં કરશે.

મને આ અનુભવથી સમજાયું કે વર્ગમાં ગેરશિસ્ત રાખવાથી હંમેશા વિદ્યાર્થીને જ ગેરલાભ થાય છે. કારણ કે એને કારણે શિક્ષકો ધ્યાન દઇને ભણાવી શકતાં નથી, વિદ્યાર્થીના આ ગેરશિસ્ત વખતે ગુસ્સો કાબુમાં રાખવો ખૂબ મુશ્કેલ છે, અને એટલે જ મને શાંત મગજનાં શિક્ષકો માટે ઘણું માન ઉપજ્યું.

**શતધા ત્રિવેદી (૭ બ)**

શિક્ષકનું સ્થાન કેટલું ઊંચું છે અને તેઓની સાચી મૂડી તે તેમણે ભણાવેલા વિદ્યાર્થીઓ જ છે તે મને આ અનુભવથી સમજાયું, ભણીગણીને સૌ મોટા થઇને દેશવિદેશમાં ઓફિસરો, વેપારીઓ, વૈજ્ઞાનિકો, ડૉક્ટરો, ઈજનેરો બને છે તે બધું જ તેમનાં શિક્ષકોને આભારી છે. **ચાંદની કાપડિયા (૭ અ)**

(અનુસંધાન પાન-૪/કોલમ-૨ ઉપર)

# સંસ્થાકીય સમાચાર

## બાલ મંદિર

**તા. ૨૫-૧-૯૨** ને શનિવારે તાલીમ મંડળીના બાળકો માટે વેશભૂષા સ્પર્ધા યોજવામાં આવી. બાળકોએ તેમાં ખૂબ ઉત્સાહપૂર્વક તેમ જ સૂઝપૂર્વક અભિનય રજૂ કર્યો, બાળકોની અભિવ્યક્તિ ધન્યવાદને પાત્ર હતી.

**તા. ૪-૧-૯૨** ને શનિવારે તાલીમ મંડળીના બાળકોએ મીની-ઝૂની મુલાકાત લીધી. બાળકોએ ખૂબ રસપૂર્વક અને આનંદથી પ્રવાસ માણ્યો.

**તા. ૭-૧-૯૨** ને મંગળવારે તાલીમ મંડળીનાં બાળકોનો વિશાલા પ્રવાસ યોજવામાં આવ્યો, બાળકોએ ત્યાં વાસણોનું પ્રદર્શન, કઠપૂતળીનો ખેલ, મદારીનો ખેલ, કુંભારનો ચાકડો રસપૂર્વક અને જીજ્ઞાસાથી જોયાં, વિશાલાનું પૌષ્ટિક ભોજન માણ્યું, ખૂબ ખેલ્યાં, કૂદયાંને આનંદ સાથે ફરકડી લઇને પાછાં ફર્યાં... સૌના મનમાં એક મીઠું સંસ્મરણ રહે તેવો તેપ્રવાસ બની રહ્યો.

**તા. ૧૦-૧-૯૨** ને શુક્રવારે બાલમંદિરનાં બ વિભાગનાં બાળકોનો ગાંધીનગરનો પ્રવાસ યોજાયો, બાળકો બાગમાં ખૂબ રમ્યાં, બોટીંગની મઝા માણી અને નાસ્તાની મજા માણી આનંદભેર પાછા ફર્યાં. ક્રિડાંગણમાં તેઓને હીંચકા લપસણી વિ. પર રમવાની ખૂબ મજા આવી.

**તા. ૧૪-૨-૯૨** ને શુક્રવારે બાલમંદિર બ વિભાગમાં બાળકોનો વિશાલા પ્રવાસ યોજાયો.

બાલમંદિર વિભાગનું સંગીત સાંભળવા બહેન રૂપલ શ્રોફે તા.૬-૨-૯૨નાં રોજ બાલમંદિરની મુલાકાત લીધી, અને બાલમંદિરનાં જુદાં જુદાં વિભાગનું સંગીત સાંભળી તેમણે મુગ્ધ બની પ્રતિભાવ આપતા જણાવ્યું, ''સંગીતનું અહીંનું વાતાવરણ અને તેમાં બાળકોની તન્મયતા એવી અદ્‌ભુત હતી કે આ સાચે જ માં શારદાનું મંદિર છે એવી પ્રતીતિ થઇ...''

## શિશુ મંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ**

**નિબંધ સ્પર્ધા : તા. ૧૭-૧૨-૯૧**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** | : | અનુજ શાહ | (૭ ક), **ગંગોત્રી** |
| **દ્વિતીય** | : | અંજન કોન્ટ્રાક્ટર | (૭ અ), **રત્નદીપ** |
| | | નેહલ શાહ | (૭ અ), **ગંગોત્રી** |
| **તૃતીય** | : | નીતિ શાહ | (૭ અ), **ગંગોત્રી** |
| | | આર્જવ શાહ | (૭ બ), **મેઘનાદ** |

**ટેબલ ટેનીસ સ્પર્ધા તા. ૨૯-૧-૯૨**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** | : | સૌરીન દેસાઈ | (૭ ક), **ગંગોત્રી** |
| **દ્વિતીય** | : | નંદિત રાજા | (૭ અ), **ગંગોત્રી** |
| **તૃતીય** | : | પ્રિયાંક શાહ | (૭ ક), **મેઘનાદ** |

**ચેસ સ્પર્ધા તા. ૩૦-૧-૯૨**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** | : | નીલ મહેતા | (૬ અ), રત્નદીપ |
| **દ્વિતીય** | : | તેજસ ભગત | (૭ ક), મેઘનાદ |
| **તૃતીય** | : | ઉત્પલ ભટ્ટ | (૭ ક), રત્નદીપ |

**કેરમ સ્પર્ધા : તા. ૩૧-૧-૯૨**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** | : | સૌરીન દેસાઈ | (૭ ક), ગંગોત્રી |
| **દ્વિતીય** | : | હાર્દિક શાહ | (૭ અ), મેઘનાદ |
| **તૃતીય** | : | મિહિર શાહ | (૭ ક), ગંગોત્રી |

વિજેતા ભાઈ-બહેનોને અભિનંદન. સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે સેવા આપવા બદલ **ધોરણ ૧૨ના ભાઈ ગૌરાંગ ગોહેલ તથા નિશિથ ચુડાસમા (કેરમ), ઋષય ત્રિવેદી, હિતેશ મહેતા, શ્યામલ દિવેટીયા (ટેબલ ટેનીસ), અને અલય ભટ્ટ તથા દેવાંગ પરીખ (ચેસ)** તરફ આભારની લાગણી વ્યક્ત કરું છું.

**રમતોત્સવ :**

**તા. ૧-૨-૯૨ના રોજ ધો. ૧ થી ૪ નો** રમતોત્સવ ઉજવાઈ ગયો જેમાં સંગીત ખુરશી, લંગડી દોડ, વિઘ્નદોડ, કોથળાદોડ, બેઠી રીંગ, લીંબુ ચમચો, સોયદોરો, આંધળી ખિસકોલી, જેવી વ્યક્તિગત રમતો યોજાઈ હતી, તેમ જ ઊભી ખો, અને બોલ રીલે જેવી સાંઘિક રમતો રમાડવામાં આવી. બાળકોએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો. વિજેતા ભાઈ બહેનોને અભિનંદન.

**તા. ૩-૨-૯૨ ના** રોજ ધો. ૫ થી ૭ ના વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું , જેમાં લંગડી, કબડ્ડી, ડોઝબોલ જેવી સાંઘિક રમતો તથા લોંગજમ્પ, દોડ, જમ્પ એન્ડ રીચ, ખડો લંગડી કૂદકો જેવી વ્યક્તિગત રમતો રાખવામાં આવી હતી. વિજેતા વિદ્યાર્થી ભાઈ-બહેનોને આભિનંદન.

**તા. ૧૭-૧-૯૨ ના** રોજ અંધજન મંડળમાં **શ્રી કનુભાઈ ઠાકર, તથા શ્રી મીરાબેનના** હસ્તે મેચ બોક્સ પ્રોજેક્ટમાં ફાળો એકત્ર કરનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોને સર્ટીફીકેટ્સ તથા ટ્રોફી આપવામાં આવી.

**તા. ૨૩-૧-૯૨નાં** રોજ સ્વયં શિક્ષણ દિન ઉજવવામાં આવ્યો, વિદ્યાર્થીઓએ ઉત્સાહથી અને સફળતાપૂર્વક પોતપોતાની ભૂમિકા ભજવી.

**તા. ૩૦-૧-૯૨નાં** રોજ શહીદદિન નિમિત્તે મહાત્મા ગાંધીજીને અંજલિરૂપે ભજન, ધૂન, મૌન વિગેરેનું આયોજન કરવામાં આવ્યું.

શાળામાંથી ગુજરાત રાજ્ય તરફથી લેવાતી ચિત્ર પરીક્ષામાં પ્રાથમિક કક્ષામાં બેઠેલા ૩૯ વિદ્યાર્થીઓમાંથી ૩૫ પાસ તથા માધ્યમિક કક્ષામાં ૬૨ વિદ્યાર્થી ભાઈ-બહેનોમાંથી બધાં જ ઉત્તીર્ણ થયા છે, વિદ્યાર્થી ભાઈ-બહેનોને અભિનંદન.

**અભિનંદન**

**ચિત્ર :**

ગુજરાત રાજ્ય લલિતકલા યોજીત ચિત્ર સ્પર્ધામાં **ધો. ૪નાં ગૌરવ મિતેષભાઈ દલાલને પ્રથમ ઈનામ રૂ. ૧૦૦** તથા સર્ટીફીકેટ મેળવવા બદલ અભિનંદન.

ગુજરાત લીઝ ફાઈનાન્સ તરફથી યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં નંદિત રાજા (૭ અ), પ્રથમ તથા અર્પી સ્નેહલભાઈ શાહ (૬ બ), અને પ્રિયાંગી મુન્શી (૫ ક) આશ્વાસન ઇનામ મેળવે છે તે બદલ તેમને ધન્યવાદ.

ન્યૂટ્રામૂલ તરફથી યોજાયેલ ઈન્ટર સ્કૂલ ચિત્ર સ્પર્ધામાં **પંકિત સોમાણી (૫ બ) પ્રથમ, પાયલ નાણાવટી દ્વિતીય, પ્રિયાંગી મુન્શી તૃતીય અને અદિતિ શાહ, ભૂમિકા ભગત અને રૂચિ સોપારકર** આશ્વાસન ઈનામ મેળવે છે તે માટે તેમને આભિનંદન.

'ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ' દ્વારા યોજાયેલ તત્કાલ ચિત્રસ્પર્ધામાં ધો. ૧ થી ૭નાં વિભાગમાં **ધો. ૧ ના ચિ. શર્વિલ રાજેનકુમાર ટંકશાળીને પ્રથમ ઈનામ** સંયુક્ત રીતે પ્રાપ્ત થયું છે તે માટે તેમને અભિનંદન, ભાઈ શર્વિલે દોરેલ ચિત્ર **'પર્યાવરણ'** લલીતકલા આર્ટ ગેલેરીમાં પણ પ્રદર્શીત કરવામાં આવ્યું હતું.

**ટ્રેકીંગ**

યુથ હૉસ્ટેલ્સ એસોશીએશન ઑફ ઇન્ડિયા તરફથી યોજાયેલ સાપુતારાના ટ્રેકિંગ કાર્યક્રમમાં **બક્ષી મિનૌતી (૪ બ)**ને સર્ટિફીકેટ મેળવવા બદલ અભિનંદન.

**પ્રવાસ :**

| | | | |
|---|---|---|---|
| તા. ૩૦-૧-૯૨ | ધો. ૧ | તા. ૬-૨-૯૨ | ધો. ૨ |
| તા. ૭-૨-૯૨ | ધો. ૩ | તા. ૧૧-૨-૯૨ | ધો. ૪ |
| તા. ૧૩-૨-૯૨ | ધો. ૫ | તા. ૨૪-૨-૯૨ | ધો. ૬ |
| તા. ૨૮-૨-૯૨ | ધો. ૭ | | |

ઉપર મુજબ દિવસોએ વિશાલા પ્રવાસ યોજવામાં આવ્યા.

## વિનય મંદિર

**તા. ૨૧-૧૨-૯૧ નાં** રોજ આંતરગૃહ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં નીચે પ્રમાણે વિદ્યાર્થીઓ વિજેતા બન્યા, તે માટે તેમને ધન્યવાદ.

| | | |
|---|---|---|
| **પ્રથમ :** | વિશાલ કાપડિયા | (૯ અ), ચંદ્રમૌલિ |
| **દ્વિતીય :** | કૃતિ વોરા | (૯ અ), પદ્મપુકુર |
| | ચિદ્રુપિણી દવે | (૮ અ), ચંદ્રમૌલિ |
| **તૃતીય :** | મોના દેસાઈ | (૯ અ) ,મેઘદૂત |

**તા. ૧૮મી અને ૧૯મી જાન્યુઆરીના** રોજ આંતરગૃહ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યુ, જેમાં લગભગ ૧૦૦ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

**તા. ૨૪-૧-૯૨** નાં રોજ **' સ્વયં શિક્ષણ દિન'**નું આયોજન કરવામાં આવ્યું વિદ્યાર્થીઓએ સુંદર રીતે શિક્ષકોની ભૂમિકા ભજવી.

**તા. ૩૦, ૩૧ જાન્યુઆરી તથા ૧લી ૨જી ફેબ્રુઆરીનાં રોજ** ગુજરાત રાજ્ય તરફથી રાજસ્થાનના પાલી મુકામે યોજાયેલ 'સોફટ બોલ'ની આંતરરાજ્ય સ્પર્ધામાં આપણી શાળાના નીચેના વિદ્યાર્થીઓ ગુજરાતની ટીમમાં પસંદગી પામ્યાં તે માટે તેમને અભિનંદન.

(૧) જયમીન ડી. શાહ (૮ બ) (૨) વ્રજેશ જી. ત્રિપાઠી (૮ બ)

**તા. ૩૧-૧-૯૨ નાં** રોજ ધો. ૮, ૯નાં વિદ્યાર્થીઓએ 'વિશાલા પ્રવાસ' ખૂબ આનંદપૂર્વક માણ્યો.

**તા. ૧૦-૨-૯૨** ના રોજ ધો. ૯ નાંવિદ્યાર્થી ભાઈબહેનોનો **Aptitude Test** લેવાયો.

(અનુસંધાન પાન-૨/કોલમ-૨નુ ચાલુ )

મેં ગાંધીજીની આત્મકથામાં વાંચ્યું હતું કે 'સાચું શિક્ષણ એટલે માણસના મન, શરીર અને આત્મામાં જે કંઇ હોય તે બહાર લાવવું' આ વાત મારા મનમાં ઉતરી ગઇ. શિક્ષકનો સાચો અર્થ, 'શિ' એટલે શિક્ષણ, 'ક્ષ' એટલે ક્ષમા આપવી અને 'ક' એટલે કરૂણા રાખવી, મેં વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધારવા પ્રયત્ન કર્યો, જેમ જેમ મહાવરો થતો ગયો તેમ તેમ મારો પણ આત્મવિશ્વાસ વધતો ગયો, ને દિવસને અંતે તો મને લાગ્યું કે 'હું ગમે તેટલા વિદ્યાર્થીઓ વચ્ચે શિક્ષણકાર્ય, પ્રવચન, સંગીત કે કોઈપણ વિષય શીખવી શકું.'

**કલગી કિરણભાઈ શાહ (૭ અ)**

'શિક્ષક બન્યા બાદ મારે સમય, શિસ્ત અને બાળકોને મારા જ્ઞાનથી સંતોષ આપવો હતો તેથી ઘણાં દિવસ અગાઉ હું તે માટે ઘેર તૈયારી કરતી હતી. આખા દિવસના કામ પછી જે થાકનો અનુભવ થયો તે પરથી શિક્ષકોની કર્તવ્યનિષ્ઠા માટે મારું મસ્તક ઝૂકી પડયું.

**પ્રાચી દાણી (૭ બ)**

## શ્રધ્ધાંજલિ

**સંસ્થાના ભૂતપૂર્વ માનદ્ કાર્યકર શ્રી ઉર્મિલાબેન ત્રિવેદીનાં તા. ૨૪-૨-૯૨નાં રોજ થયેલા અવસાનની નોંધ લેતાં દુઃખની લાગણી અનુભવું છું. ઈશ્વર સદ્ગતના આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના.**

**ગાંધી શિમોલી ભદ્રેશભાઈનાં અકાળ અવસાનનાં સમાચારની નોંધ લેતાં અત્યંત દુઃખ અનુભવું છું. ઈશ્વર સદ્ગતના આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના.**

**તંત્રી મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દ. દવે, આચાર્ય અને નિયામક, શારદા મંદિર, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.**
**મુદ્રણ સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ - ૩૮૦ ૦૦૭. ફોન : ૪૧૨૭૮૮.**